સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 13

(27/03/22 to 02/04/22)

**સંપાદક**
મૌલિક ગોંધિયા
(Director - ICE)


GPSC, PSI/ASI, બિનસચિવાલય, તલાટી મંત્રી, TET-TAT વગેરે વર્ગ-3ની ભરતીઓ માટે ઉપયોગી પુસ્તક


LATEST EDITION

ગુજરાતી વ્યાકરણ

ગુજરાત સરકારના પાઠ્ય પુસ્તક ધોરણ 6 થી 12ના તમામ વ્યાકરણના મુદ્દાઓનો સમાવેશ

વર્ણ પરિચય જેવા મુદ્દાની આકૃતિ સહિત સમજૂતી

GPSC અને વર્ગ-3ના વર્ષ 2017 થી 2020 પરીક્ષામાં પૂછાતા ગુજરાતી વ્યાકરણના તમામ મુદ્દાને આવરી લેતું પુસ્તક




ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.



CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**27 MAR-2022**

- દિવસ મહિમા : 27 માર્ચ, વિશ્વ રંગભૂમિ દિવસ (World Theater Day) ..... 02
- ભારત-જાપાન સંયુક્ત સૈન્ય અભ્યાસ 'ધર્મ ગાર્ડિયન 2022' ..... 02
- QUESTION ANSWERS ..... 03

**28 MAR-2022**

- વિશ્વનું પ્રથમ વન્યજીવ સંરક્ષણ બોન્ડ ..... 04
- INS વાલસુરાને 'પ્રેસિડેન્ટ કલર' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો ..... 05
- સુશ્રી પી. વી. સિંધુએ 'સ્વિસ ઓપન 2022' જીતી ..... 06
- QUESTION ANSWERS ..... 07

**29 MAR-2022**

- 94મો ઓસ્કાર એવોર્ડ 2022 ..... 08
- 'પ્રસ્થાન' અપતટીય સુરક્ષા કવાયત હાથ ધરવામાં આવી ..... 11
- UNEP વાર્ષિક ફ્રન્ટિયર રિપોર્ટ 2022 બહાર પાડવામાં આવ્યો ..... 12
- QUESTION ANSWERS ..... 13

**30 MAR-2022**

- શ્રી ગિલ્બર્ટ એફ હોંગબો ILOના નવા ડિરેક્ટર જનરલ બન્યા ..... 14
- સ્ટોકહોમ જળ પુરસ્કાર-2022 (Stockholm Water Prize-2022) ..... 15
- વિકેન્દ્રિત વેસ્ટ મેનેજમેન્ટ ટેક્નોલોજી પાર્ક ..... 15
- ત્રિપુરાના ડારલોંગ સમુદાયને અનુસૂચિત જનજાતિની યાદીમાં સામેલ કરવા માટેનું બિલ ..... 16
- QUESTION ANSWERS ..... 17

**31 MAR-2022**

- દિવસ મહિમા : 31 માર્ચ, World Backup Day ..... 18
- 5મી BIMSTEC સમિટ ..... 18
- IONS Maritime Exercise 2022 (IMEX-22) ..... 20
- QUESTION ANSWERS ..... 21

**01 APR-2022**

- દિવસ મહિમા : 1 એપ્રિલ, RBI સ્થાપના દિવસ ..... 22
- ડિજિટલ પ્લેટફોર્મ : FASTER ..... 22
- બે નવી જીઓલોજિકલ હેરિટેજ સાઈટ્સ ..... 22
- QUESTION ANSWERS ..... 24

**02 APR-2022**

- દિવસ મહિમા : 2 એપ્રિલ, International Children's Book Day, World Autism Awareness Day ..... 25
- લોકસભાએ 'દિલ્હી નગર નિગમ (સુધારા) બિલ, 2022 પસાર કર્યું ..... 25
- QUESTION ANSWERS ..... 27

**ONE LINER** ..... 28

**QUESTION OF THIS WEEK** ..... 32


ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 27 માર્ચ, વિશ્વ રંગભૂમિ દિવસ (World Theater Day)



સમગ્ર વિશ્વમાં દર વર્ષે <u>27 માર્ચ</u>ના રોજ <u>'વિશ્વ રંગભૂમિ દિવસ'</u> ઉજવવામાં આવે છે.

- આ દિવસના આયોજનનો મુખ્ય ઉદ્દેશ્ય સમગ્ર વિશ્વમાં થિયેટર અથવા નાટ્યકળાના મહત્ત્વ વિશે લોકોમાં જાગૃતિ લાવવાનો છે.
- <u>'વિશ્વ રંગ ભૂમિ દિવસ'</u> અથવા <u>'વર્લ્ડ થિયેટર ડે'</u>ની શરૂઆત વર્ષ <u>1961</u>માં <u>ઈન્ટરનેશનલ થિયેટર ઈન્સ્ટિટ્યૂટ</u> દ્વારા કરવામાં આવી હતી.

## ભારત-જાપાન સંયુક્ત સૈન્ય અભ્યાસ 'ધર્મ ગાર્ડિયન 2022'




તાજેતરમાં <u>ભારત અને જાપાન</u> વચ્ચે સંયુક્ત લશ્કરી કવાયત <u>'ધર્મ ગાર્ડિયન 2022'</u> (Dharma Guardian 2022) <u>કર્ણાટક</u>ના <u>બેલગામ</u> (બેલગાંવી)માં સ્થિત <u>ફોરેન ટ્રેનિંગ નોડ</u> ખાતે હાથ ધરવામાં આવી હતી.

- ધર્મ ગાર્ડિયન એ વાર્ષિક લશ્કરી કવાયત છે જે વર્ષ <u>2018</u>થી હાથ ધરવામાં આવે છે.
- તાજેતરમાં આ કવાયતની <u>ત્રીજી આવૃત્તિ</u> હાથ ધરવામાં આવી હતી.
- અર્ધ–શહેરી અથવા શહેરી ભૂપ્રદેશ અને જંગલમાં કામગીરી અંગે પ્લાટૂન સ્તરની સંયુક્ત તાલીમ આ કવાયતમાં આવરી લેવામાં આવી હતી.
- આ કવાયત અંતર્ગત વૈશ્વિક આતંકવાદ સામે લડવા જરૂરી વ્યૂહાત્મક કૌશલ્યો વધારવા પર વિશેષ ભાર આપવામાં આવ્યો છે.
- આ અભ્યાસ અથવા કવાયતમાં <u>15મી બટાલિયન મરાઠા લાઈટ ઈન્ફન્ટ્રી રેજિમેન્ટ</u> અને <u>જાપાનીઝ ગ્રાઉન્ડ સેલ્ફ ડિફેન્સ ફોર્સિસ (JGSDF)</u>ની <u>30મી ઈન્ફન્ટ્રી રેજિમેન્ટે</u> ભાગ લીધો હતો.

**નોંધ :** (1) <u>JIMEX</u> એ જાપાન અને ભારત વચ્ચે યોજાતી દરિયાઈ (નૌકા) કવાયત છે.

(2) <u>SHINYUU Maitri</u> એ જાપાનીઝ એર સેલ્ફ ડિફેન્સ ફોર્સ (JASDF) અને ભારતીય વાયુસેના વચ્ચે આયોજિત દ્વિપક્ષીય કવાયત છે.

(3) <u>Sahayog-Kaijin</u> એ <u>જાપાન કોસ્ટ ગાર્ડ અને ભારતીય કોસ્ટ ગાર્ડ</u> વચ્ચે યોજાતી દ્વિપક્ષીય કવાયત છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'વિશ્વ રંગભૂમિ દિવસ' અથવા તો 'World Theater Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 25 માર્ચ (B) 26 માર્ચ

(C) 27 માર્ચ (D) 28 માર્ચ (C)

2. તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે સંયુક્ત યુદ્ધ અભ્યાસ 'ધર્મ ગાર્ડિયન 2022'નું આયોજન કરવામાં આવ્યું હતું ?

(A) અમેરિકા (B) રશિયા

(C) ફ્રાન્સ (D) જાપાન (D)

3. તાજેતરમાં ભારત અને જાપાનની સેના વચ્ચે કઈ જગ્યાએ 'ધર્મ ગાર્ડિયન 2022' નામના યુદ્ધ અભ્યાસનું આયોજન કરવામાં આવ્યું હતું ?

(A) વૈરેંટ, મણિપુર (B) વૈરેંટ, મિઝોરમ

(C) બેલગામ, કર્ણાટક (D) બેલગામ, ઉત્તરાખંડ (C)

4. તાજેતરમાં ભારત અને જાપાન વચ્ચે કેટલામાં સંયુક્ત યુદ્ધ અભ્યાસ 'ધર્મ ગાર્ડિયન 2022'નું આયોજન થયું હતું ?

(A) બીજા (B) ત્રીજા

(C) ચોથા (D) પાંચમા (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# વિશ્વનું પ્રથમ વન્યજીવ સંરક્ષણ બોન્ડ



વિશ્વનું પ્રથમ 'વન્યજીવ સંરક્ષણ બોન્ડ' (Wildlife Conservation Bond) વિશ્વ બેંક દ્વારા બહાર પાડવામાં આવ્યું છે.

- જેના હેઠળ 150 મિલિયન ડોલર એકત્ર કરવામાં આવ્યા છે.
- જેનો ઉપયોગ દક્ષિણ આફ્રિકાના કાળા ગેંડાના રક્ષણ માટે આંશિક રીતે કરવામાં આવશે.
- વન્યજીવ સંરક્ષણ બોન્ડ એ તેના પ્રકારનું વિશ્વનું પ્રથમ નાણાકીય સાધન (Financial Instrument) છે.
- જે પરિણામ–આધારિત (Outcome-based) છે અને કાળા ગેંડાની વસતીના સંરક્ષણ માટે રોકાણ કરશે.
- વર્લ્ડ બેંકની ઈન્ટરનેશનલ બેંક ફોર રિકન્સ્ટ્રકશન એન્ડ ડેવલપમેન્ટે જાહેરાત કરી છે કે પાંચ વર્ષના બોન્ડ દ્વારા ચૂકવવામાં આવતું વળતર બે દક્ષિણ આફ્રિકાના રિઝર્વ – 'ગ્રેટ ફિશ રિવર નેચર રિઝર્વ' અને 'એડિ એલિફન્ટ નેશનલ પાર્ક'માં પ્રાણીઓની વસતી વૃદ્ધિના દર દ્વારા નક્કી કરવામાં આવશે.

## ગેંડા વિશે

વૈશ્વિક સ્તરે ગેંડાની પાંચ પ્રજાતિઓ છે.

- મોટા ભાગના ગેંડા દક્ષિણ આફ્રિકામાં છે, જેમાં સૌથી વધુ સફેદ ગેંડા છે.
- ગેંડાની પાંચ પ્રજાતિઓ નીચે મુજબ છે :

(1) સફેદ ગેંડો (White Rhino) (આફ્રિકામાં જોવા મળે છે)

(2) કાળો ગેંડો (Black Rhino) (આફ્રિકામાં જોવા મળે છે.)

(3) એક શિંગડાવાળો ગેંડો (Greater one-Horned)

(4) જાવા/જાવન ગેંડો (Javan Rhino)

(5) સુમાત્રન ગેંડો (Sumatran Rhino)

- ભારતમાં માત્ર એક શિંગડાવાળો ગેંડો જોવા મળે છે.
- ગેંડાની તમામ પાંચ પ્રજાતિઓ વિશે જાગૃતિ ફેલાવવા અને તેમને બચાવવા માટે કરવામાં આવી રહેલા કાર્ય તરફ ધ્યાન દોરવા માટે 22 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ ગેંડા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- કાળા ગેંડા ફક્ત આફ્રિકામાં જ જોવા મળે છે. જે IUCN રેડ લિસ્ટમાં ગંભીર અને સંકટગ્રસ્ત તરીકે સૂચિબદ્ધ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# INS વાલસુરાને 'પ્રેસિડેન્ટ કલર' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો

રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે 25 માર્ચ, 2022ના રોજ જામનગર ખાતે આવેલી સંસ્થા INS વાલસુરાને પ્રતિષ્ઠિત 'પ્રેસિડેન્ટ કલર' (President Colour) એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું છે.

- આ પ્રસંગને યાદગાર બનાવવા માટે 150 સૈનિકો દ્વારા 'ગાર્ડ ઓફ ઓનર' સાથે રાષ્ટ્રપતિશ્રીને માન આપીને ઔપચારિક પરેડ રજૂ કરવામાં આવી હતી.

## INS વાલસુરા



INS વાલસુરાની સ્થાપના વર્ષ 1942માં થઈ હતી.

- તે ભારતીય નૌકાદળના મુખ્ય તાલીમ સંસ્થામાંનું એક છે, જે જામનગરમાં સ્થિત છે.
- INS વાલસુરાને રોયલ ઈન્ડિયન નેવીની ક્ષમતા વધારવા માટે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ટોર્પિડો ટ્રેનિંગ સ્કૂલ તરીકે કાર્યરત કરવામાં આવી હતી.
- INS વાલસુરાને ભારતીય નૌકાદળ અને કોસ્ટગાર્ડના નાવિકો અને અધિકારીઓને તાલીમ આપવાની જવાબદારી સોંપવામાં આવી છે.
- ભારત સાથે મૈત્રીપૂર્ણ સંબંધો ધરાવતા વિદેશી દેશોના અધિકારીઓને પણ અહીં તાલીમ આપવામાં આવે છે.
- તે ઈલેક્ટ્રોનિક્સ, ઈલેક્ટ્રિકલ, ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને વેપન સિસ્ટમ પર તાલીમ પૂરી પાડે છે.

નોંધ : (1) નવાનગરના મહારાણી સુશ્રી ગુલાબબા કુંવરબા સાહિબા દ્વારા 15 ડિસેમ્બર, 1942ના રોજ તેની સ્થાપના કરવામાં આવી હતી.

(2) શરૂઆતમાં તેનું નામ HMIS વાલસુરા હતું ત્યારબાદ ભારત પ્રજાસત્તાક (26 જાન્યુઆરી, 1950) બન્યું તેના થોડા મહિના પછી INS વાલસુરા નામ આપવામાં આવ્યું હતું.

(3) પ્રેસિડેન્ટ કલર એ ભારતના કોઈપણ લશ્કરી એકમને આપવામાં આવતો સર્વોચ્ચ પુરસ્કાર અથવા સન્માન છે.

(4) પ્રેસિડેન્ટ કલરને પ્રેસિડેન્ટ નિશાન તરીકે પણ ઓળખવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# સુશ્રી પી. વી. સિંધુએ 'સ્વિસ ઓપન 2022' જીતી




સુશ્રી પી. વી. સિંધુએ સ્વિત્ઝર્લેન્ડના બાસેલમાં આયોજિત સ્વિસ ઓપન સુપર 300 બેડમિન્ટન ટુર્નામેન્ટની ફાઈનલમાં થાઈલેન્ડના સુશ્રી બુસાસન ઓંગબામરૂંગફાનને હરાવ્યા હતા.

- આ સિઝનમાં તેનું આ બીજુ ટાઈટલ છે.
- આ અગાઉ તેમણે લખનૌમાં 'સૈયદ મોદી ઈન્ટરનેશનલ સુપર-300' જીતી હતી.
- સુશ્રી સાઈના નેહવાલ બાદ આ ટુર્નામેન્ટ જીતનાર તેઓ બીજા ભારતીય મહિલા છે.
- નોંધનીય છે કે સુપર 300 ટુર્નામેન્ટ વર્લ્ડ બેડમિન્ટન ફેડરેશન (BWF) ટુર ઈવેન્ટ્સનું બીજુ સૌથી નીચુ સ્તર છે.

નોંધ : (1) સુશ્રી પી. વી. સિંધુનું પૂરું નામ સુશ્રી પુસર્લા વેંકટા સિંધુ છે.

(2) તેમનો જન્મ 5 જુલાઈ, 1995ના રોજ હૈદરાબાદ ખાતે થયો હતો.

**1.** તાજેતરમાં કોના દ્વારા વિશ્વનું પ્રથમ 'વન્યજીવ સંરક્ષણ બોન્ડ' (Wildlife Conservation Bond) બહાર પાડવામાં આવ્યું છે ?

(A) વિશ્વ બેંક (B) BIMSTEC જૂથ

(C) WEP સંસ્થા (D) WHO

**(A)**

**2.** તાજેતરમાં વિશ્વ બેંક દ્વારા વિશ્વનું પ્રથમ 'વન્યજીવ સંરક્ષણ બોન્ડ' (Wildlife Conservation Bond) બહાર પાડવામાં આવ્યું છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) તેના હેઠળ 150 મિલિયન ડોલર એકત્ર કરવામાં આવ્યા છે.

(B) જેનો ઉપયોગ દક્ષિણ આફ્રિકાના કાળા ગેંડાના રક્ષણ માટે કરવામાં આવશે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા

**(C)**

**3.** તાજેતરમાં INS વાલસુરાને 'પ્રેસિડેન્ટ કલર' (President Colour) એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. આ INS વાલસુરા કયા સ્થળે સ્થિત છે ?

(A) પોરબંદર, ગુજરાત (B) જામનગર, ગુજરાત

(C) કોચીન, કેરળ (D) વિશાખાપટ્ટનમ, આંધ્રપ્રદેશ

**(B)**

**4.** તાજેતરમાં INS વાલસુરાને 'પ્રેસિડેન્ટ કલર' (President Colour) એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યું છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. INS વાલસુરાની સ્થાપના વર્ષ 1942માં થઈ હતી.
2. તે ભારતીય નૌકાદળના મુખ્ય તાલીમ સંસ્થામાંનું એક છે.
3. તે ગુજરાતના જામનગરમાં સ્થિત છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2

(C) ફક્ત 2 (D) 1, 2 અને 3

**(D)**

**8.** તાજેતરમાં કઈ ભારતીય ખેલાડીએ 'સ્વિસ ઓપન 2022' જીતી છે ?

(A) સુશ્રી પી. વી. સિંધુ (B) સુશ્રી સાયના નહેવાલ

(C) સુશ્રી જ્વાલા ગુટ્ટા (D) સુશ્રી અપર્ણા પોપટ

**(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 94મો ઓસ્કાર એવોર્ડ 2022




માર્ચ, 2022 દરમિયાન અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યના લોસ એન્જલસ ખાતેના હોલિવુડના ડોલ્બી થિયેટરમાં 94મા એકેડેમી એવોર્ડ્સનો વિતરણ સમારોહ યોજાયો હતો.

- આ સમારોહમાં કુલ 23 કેટેગરીમાં વિવિધ એવોર્ડ એનાયત થયા હતા.
- જેમાંથી 'ડ્યુન' (Dune) ફિલ્મને સૌથી વધુ 6 એવોર્ડ એનાયત થયા હતા.
- બેસ્ટ ડિરેક્ટરનો એવોર્ડ સુશ્રી જેન કેમ્પિયનને (પાવર ઓફ ધ ડોગ ફિલ્મ માટે) મળ્યો હતો.
- જ્યારે બેસ્ટ એક્ટરનો એવોર્ડ કિંગ રિચાર્ડ ફિલ્મ માટે શ્રી વિલ સ્મિથને મળ્યો હતો.
- જ્યારે બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ The Eyes of Tammy Faye માટે સુશ્રી જેસિકા ચેસ્ટેનને મળ્યો છે.

નોંધ : (1) 94મા ઓસ્કાર એવોર્ડ માટે 'The power of the Dog' ફિલ્મને સૌથી વધુ 12 નોમિનેશન મળ્યા હતા.
(2) પાવર ઓફ ધ ડોગ ફિલ્મના ડિરેક્ટર સુશ્રી જેન કેમ્પિયન છે.

### ઓસ્કાર 2022 : બેસ્ટ ફિલ્મ

વર્ષ 2022ના ઓસ્કાર એવોર્ડના સમારોહમાં બેસ્ટ ફિલ્મનો એવોર્ડ 'કોડા' (CODA)ને મળ્યો છે.

- CODA એ વર્ષ 2021ની કોમેડી–ડ્રામા ફિલ્મ છે જે સિયાન હેડર દ્વારા લખાયેલ અને નિર્દેશિત છે.
- આ ફિલ્મ વર્ષ 2014માં આવેલી એક ફ્રેન્ચ ફિલ્મની રિમેક છે.

### બેસ્ટ ડોક્યુમેન્ટરી

94મા ઓસ્કાર સમારોહમાં 'સમર ઓફ સોલ' (Summer of Soul) નામની ડોક્યુમેન્ટરીને 'બેસ્ટ ડોક્યુમેન્ટરી ફિલ્મ'નો ઓસ્કાર એવોર્ડ એનાયત થયો છે.

- સમર ઓફ સોલ (....અથવા જ્યારે ક્રાંતિ ટેલિવિઝન કરી શકાતી નથી) એ 1969ની હાર્લેમ કલ્ચરલ ફેસ્ટિવલ વિશેની 2021ની અમેરિકન ડોક્યુમેન્ટરી ફિલ્મ છે.
- જેનું દિગ્દર્શન અહમીર ક્વેસ્ટલવ થોમ્પસન દ્વારા કરવામાં આવ્યું હતું.
- જ્યારે Short Subjectની કેટેગરીનો બેસ્ટ ડોક્યુમેન્ટરીનો એવોર્ડ 'The Queen of Basketball' નામની ડોક્યુમેન્ટરી ફિલ્મને એનાયત થયો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઓસ્કાર એવોર્ડ 2022 (મહત્વના એવોર્ડ)

| ક્રમ | એવોર્ડ | વિજેતા | ફિલ્મ/ડિરેક્ટર |
|---|---|---|---|
| 1 | બેસ્ટ ફિલ્મ | CODA | શ્રી સિયાન હેડર |
| 2 | બેસ્ટ ડિરેક્ટર | સુશ્રી જેન કેમ્પિયન | પાવર ઓફ ધ ડોગ |
| 3 | બેસ્ટ એક્ટર | શ્રી વિલ સ્મિથ | કિંગ રિચાર્ડ |
| 4 | બેસ્ટ એક્ટ્રેસ | સુશ્રી જેસિકા ચેસ્ટન | The Eyes of Tammy Faye |
| 5 | બેસ્ટ ઈન્ટરનેશનલ ફિચર ફિલ્મ | – | ડ્રાઈવ માય કાર |
| 6 | બેસ્ટ સપોર્ટિંગ એક્ટ્રેસ | સુશ્રી એરિયાના ડીબોઝ | વેસ્ટ સાઈડ સ્ટોરી ફિલ્મ માટે |
| 7 | બેસ્ટ સપોર્ટિંગ એક્ટર | શ્રી ટ્રોય કોત્સુર | CODA ફિલ્મ માટે |
| 8 | બેસ્ટ સિનેમેટ્રોગ્રાફી | ડ્યૂન | – |
| 9 | બેસ્ટ એનિમેટેડ ફિચર ફિલ્મ | એન્કાટો | – |
| 10 | બેસ્ટ એનિમેટેડ શોર્ટ ફિલ્મ | ધ વિન્ડ શિલ્ડ વાઈપર | – |
| 11 | બેસ્ટ ડોક્યુમેન્ટરી ફિચર ફિલ્મ | સમર ઓફ સોલ | – |
| 12 | બેસ્ટ ડોક્યુમેન્ટરી શોર્ટ સબ્જેક્ટ | The Queen of Basketball | – |
| 13 | બેસ્ટ કોસ્ચ્યુમ ડિઝાઈન | ક્રુએલા | – |
| 14 | બેસ્ટ ઓરિજનલ સ્ક્રીન પ્લે | કેનેથ બ્રાનાઘ | બેલફાસ્ટ |
| 15 | બેસ્ટ એડેપ્ટેડ સ્ક્રીન પ્લે | સિયાન હેડર | CODA |
| 16 | બેસ્ટ લાઈવ એક્શન શોર્ટ ફિલ્મ | ધ લોંગ ગુડ બાય | – |
| 17 | બેસ્ટ ઓરિજનલ સ્કોર | હેન્સ ઝિમર | ડ્યૂન |
| 18 | બેસ્ટ ફિલ્મ એડિટિંગ | જો વોકર | ડ્યૂન |
| 19 | બેસ્ટ ઓરિજનલ સોંગ | નો ટાઈમ ટુ ડાઈ | – |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

નોંધ : (1) ભારતની 'Writing with Fire' નામની ડોક્યુમેન્ટરીને બેસ્ટ ડોક્યુમેન્ટરી કેટેગરીમાં નોમિનેશન થયું હતું.

(2) આ વખતના ઓસ્કારથી 'ફેન ફેવરિટ ઓસ્કાર' નામની એક નક્કોર કેટેગરી ઉમેરવામાં આવી છે. ટિવટર પોલને આધારે ડિરેક્ટર ઝેક સ્નાઈડરની ઝોમ્બી–હોરર ફિલ્મ 'આર્મી ઓફ ધ ડેડ' ફેન ફેવરિટ ફિલ્મનો એવોર્ડ જીતી ગઈ છે.

(3) આ ફિલ્મમાં ભારતની સુશ્રી હુમા કુરેશીએ પણ 'ગીતા' નામનું એક પાત્ર ભજવ્યું છે.

(4) આ વર્ષે ત્રણ હોસ્ટ સાથે આ એવોર્ડ સમારોહ યોજાયો હતો.

# ઓસ્કાર એવોર્ડ

ઓસ્કાર એવોર્ડ્સને 'એકેડમી એવોર્ડ્સ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

- જોકે તેનું ખરું નામ 'એકેડમી એવોર્ડ ઓફ મેરીટ' છે.
- ઓસ્કાર એવોર્ડ એ ફિલ્મ ક્ષેત્રનો વિશ્વનો સર્વોચ્ચ એવોર્ડ છે.
- એકેડમી ઓફ મોશન પિક્ચર આર્ટ્સ એન્ડ સાયન્સિઝ (AMPAS) દ્વારા આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.
- સૌપ્રથમ વખત આ એવોર્ડ 16 મે, 1929ના રોજ એનાયત થયો હતો.

નોંધ : (1) સૌથી વધુ કુલ 26 ઓસ્કાર એવોર્ડ વોલ્ટ ડિઝનીને મળ્યા છે.

(2) જ્યોર્જ બર્નાડ શો એવી એકમાત્ર વ્યક્તિ છે કે જેઓ ઓસ્કાર અને નોબલ એમ વિશ્વકક્ષાના બન્ને એવોર્ડ જીતી ચૂકયા હોય.

## ઓસ્કાર વિજેતા ભારતીય વ્યક્તિઓ

| ક્રમ | નામ | વર્ષ | ફિલ્મ |
|---|---|---|---|
| (1) | શ્રીમતી ભાનુ અથૈયા | 1983 | ગાંધી |
| (2) | શ્રી સત્યજીત રે | 1992 | – |
| (3) | શ્રી રેસુલ પુકુટ્ટી | 2009 | સ્લમડોગ મિલિયોનર |
| (4) | શ્રી એ. આર. રહેમાન | 2009 | સ્લમડોગ મિલિયોનર |
| (5) | શ્રી ગુલઝાર | 2009 | સ્લમડોગ મિલિયોનર |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(1) **શ્રીમતી ભાનુ અથૈયા :** શ્રીમતી ભાનુ અથૈયા ઓસ્કાર એવોર્ડ વિજેતા પ્રથમ ભારતીય વ્યક્તિ છે. તેમને ઈ.સ. 1983માં 'ગાંધી' ફિલ્મ માટે 'બેસ્ટ કોસ્ચ્યુમ ડિઝાઈન'ની કેટેગરીમાં (જ્હોન મોલો સાથે) આ એવોર્ડ એનાયત થયો હતો.

(2) **શ્રી સત્યજીત રે :** બંગાળી ફિલ્મના પ્રસિદ્ધ ડાયરેક્ટર શ્રી સત્યજીત રે ને વર્ષ 1992માં એકેડમી એવોર્ડના લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડથી નવાજવામાં આવ્યા છે.

(3) **શ્રી રેસુલ પુકુટ્ટી :** તેમને વર્ષ 2009માં 'સ્લમડોગ મિલિયોનર' ફિલ્મ માટે 'બેસ્ટ સાઉન્ડ મિક્સિંગ'ની કેટેગરીમાં ઓસ્કાર એવોર્ડ એનાયત થયો હતો.

(4) **શ્રી એ. આર. રહેમાન :** શ્રી એ. આર. રહેમાન એક સાથે બે ઓસ્કાર એવોર્ડ મેળવનાર એક માત્ર ભારતીય વ્યક્તિ છે. તેમને વર્ષ 2009માં 'સ્લમડોગ મિલિયોનર' ફિલ્મ માટે 'બેસ્ટ ઓરિજનલ સોંગ' (જય હો....શ્રી ગુલઝાર સાથે) અને 'બેસ્ટ ઓરિજનલ સ્કોર'ની કેટેગરીમાં આ એવોર્ડ એનાયત થયો હતો.

(5) **શ્રી ગુલઝાર :** ગુલઝારને વર્ષ 2009માં 'સ્લમડોગ મિલિયોનર' ફિલ્મ માટે 'બેસ્ટ ઓરિજનલ સોંગ' (જય હો.... શ્રી એ. આર. રહેમાન સાથે)ની કેટેગરીમાં આ પુરસ્કાર એનાયત થયો હતો.

## ઓસ્કાર વિજેતા ભારતીય ફિલ્મ

(1) **ગાંધી :** ઓસ્કાર વિજેતા પ્રથમ ભારતીય ફિલ્મ (1983).

(2) **સ્લમડોગ મિલિયોનર :** સૌથી વધુ ત્રણ ઓસ્કાર પુરસ્કાર મેળવનાર ભારતીય ફિલ્મ (2009)

(3) **પીરિયડ. એન્ડ ઓફ સેન્ટેન્સ :** વિદેશી નિર્માતા દ્વારા ભારતમાં બનેલી ફિલ્મ (2019)

## ‘પ્રસ્થાન’ અપતટીય સુરક્ષા કવાયત હાથ ધરવામાં આવી



પ્રસ્થાન એક અપતટીય સુરક્ષા અભ્યાસ (Offshore Security Exercise) છે.

- જે 23 માર્ચ 2022ના રોજ મુંબઈમાં અપતટીય વિકાસ ક્ષેત્ર અથવા ઓફશોર ડેવલપમેન્ટ એરિયા (ODA) ખાતે હાથ ધરવામાં આવી હતી.
- વેસ્ટર્ન નેવલ કમાન્ડના હેડક્વાર્ટરના નેજા હેઠળ આ કવાયત હાથ ધરવામાં આવી હતી.
- આ અભ્યાસ દર 6 મહિને યોજવામાં આવે છે.
- આ અભ્યાસનું નેતૃત્વ ભારતીય નૌકાદળ દ્વારા કરવામાં આવ્યું હતું.
- આ કવાયતના સહભાગીઓમાં કોસ્ટ ગાર્ડ, ભારતીય વાયુસેના, મુંબઈ પોર્ટ ટ્રસ્ટ, ONGC, કસ્ટમ્સ, જવાહરલાલ નહેરુ પોર્ટ ટ્રસ્ટ, મર્કેન્ટાઈલ મેરીટાઈમ વિભાગ, રાજ્ય માછીમારી વિભાગ અને મરીન પોલીસ હતી.
- મુંબઈની પશ્ચિમ સ્થિત ONGCના B-193 પ્લેટફોર્મ પર આ કવાયત હાથ ધરવામાં આવી હતી.
- આ અભ્યાસ અપતટીય સલામતી સુનિશ્ચિત કરવા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.
- આ કવાયતનો ઉદ્દેશ્ય દેશના અપતટીય સંરક્ષણ સાથે સંકળાયેલા તમામ દરિયાઈ હિસ્સેદારો દ્વારા કરવામાં આવતા પ્રયત્નોને મજબૂત અને એકીકૃત કરવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## UNEP વાર્ષિક ફ્રન્ટિયર રિપોર્ટ 2022 બહાર પાડવામાં આવ્યો

UNEP વાર્ષિક ફ્રન્ટિયર રિપોર્ટ-2022 (UNEP Annual Frontier Report 2022) 'Noise, Blazes Mismatche' શિર્ષક હેઠળ બહાર પાડવામાં આવ્યો છે.

- આ રિપોર્ટમાં બાંગ્લાદેશના ઢાકાને વિશ્વના સૌથી વધુ ઘોંઘાટવાળા શહેર તરીકે સ્થાન આપવામાં આવ્યું છે.
- ત્યારબાદ ઉત્તરપ્રદેશના મુરાદાબાદનો ક્રમ આવે છે.
- જ્યારે પાકિસ્તાનનું ઈસ્લામાબાદ ત્રીજા નંબરે છે.
- જોર્ડનના ઈરબીડને વિશ્વના સૌથી શાંત શહેર તરીકે સ્થાન આપવામાં આવ્યું છે.

**ટોચના 5 ઘોંઘાટીયા શહેરો**

| ક્રમ | શહેર | દેશ | અવાજ-dB (Decibel) |
|---|---|---|---|
| (1) | ઢાકા | બાંગ્લાદેશ | 119 dB |
| (2) | મુરાદાબાદ | ભારત | 114 dB |
| (3) | ઈસ્લામાબાદ | પાકિસ્તાન | 105 dB |
| (4) | રાજાશાહી | બાંગ્લાદેશ | 103 dB |
| (5) | હો ચી મિન્હ સિટી | વિયેતનામ | 103 dB |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**ટોચના 5 શાંત શહેરો**

| ક્રમ | શહેર | દેશ | અવાજ-dB (Decibel) |
|---|---|---|---|
| (1) | ઈરબીડ | જોર્ડન | 60 dB |
| (2) | લ્યોન | ફ્રાન્સ | 69 dB |
| (3) | મેડ્રિડ | સ્પેન | 69 dB |
| (4) | બેલગ્રેડ | સર્બિયા | 70 dB |
| (5) | સ્ટોકહોમ | સ્વીડન | 70 dB |

નોંધ : (1) આ રિપોર્ટમાં ધ્વની પ્રદૂષણ અને તેની લાંબાગાળાની માનસિક શારીરિક સ્વાસ્થ્ય અસરો પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે.

(2) આ રિપોર્ટમાં કુલ 61 શહેરોને સ્થાન આપવામાં આવ્યું છે.

(3) યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ (UNEP) એ 5 જૂન, 1972ના રોજ સ્થાપિત એક મુખ્ય વૈશ્વિક પર્યાવરણીય સત્તા છે.

1. માર્ચ, 2022 દરમિયાન કેટલામાં ઓસ્કાર એવોર્ડનું આયોજન થયું હતું ?

(A) 92મા (B) 93મા (C) 94મા (D) 95મા (C)

2. અમેરિકાના લોસ એન્જલસ ખાતે આવેલા કયા થિયેટરમાં 94મો ઓસ્કાર એવોર્ડ સમારોહ યોજાયો હતો ?

(A) ડોલી (B) ડેલ્ટા (C) ડોલ્બી (D) ડોલ્ફિન (C)

3. વર્ષ 2022માં કઈ ફિલ્મને સૌથી વધુ 6 ઓસ્કાર એવોર્ડ મળ્યા છે ?

(A) ડોલી (B) ડ્યૂન (C) કિંગ રિચાર્ડ (D) જોકર (B)

4. વર્ષ 2022ના ઓસ્કાર એવોર્ડ સમારોહમાં કઈ ફિલ્મને 'બેસ્ટ ફિલ્મ'નો એવોર્ડ એનાયત થયો છે ?

(A) CODA (B) The King (C) The Queen (D) Dune (A)

5. વર્ષ 2022માં 'બેસ્ટ ડિરેક્ટર'નો ઓસ્કાર એવોર્ડ કોને એનાયત થયો છે ?

(A) શ્રી જોકિન ફોનિક્સ (B) શ્રી બોંગ જૂન હો (C) સુશ્રી રેની ઝેલવેગર (D) સુશ્રી જેન કેમ્પિયન (D)

6. વર્ષ 2022માં 'બેસ્ટ એક્ટર'નો એવોર્ડ કોને એનાયત થયો છે ?

(A) શ્રી વિલ સ્મિથ (B) શ્રી કેનેથ બ્રનાઘ (C) શ્રી સિયાન હેડર (D) શ્રી વિલ ચેસ્ટેન (A)

7. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'પ્રસ્થાન' શું છે ?

(A) એક અપતટીય સુરક્ષા અભ્યાસ

(B) ભારત અને બાંગ્લાદેશ વચ્ચેનો યુદ્ધ અભ્યાસ

(C) મેલેરિયાની રસીનું પ્રારંભ કરાવતું અભિયાન

(D) ભારત દ્વારા નિર્મિત COVID-19 દવા (A)

8. તાજેતરમાં UNEP વાર્ષિક ફ્રન્ટિયર રિપોર્ટ 2022 'Noise, Blazes and Mismatche' શિર્ષક હેઠળ બહાર પાડવામાં આવ્યો છે. જેમાં વિશ્વનું સૌથી ઘોંઘાટીયું શહેર કયું છે ?

(A) ભખીરા, રાજસ્થાન (B) ઢાકા, બાંગ્લાદેશ

(C) ઈસ્લામાબાદ, પાકિસ્તાન (D) ઈરબીડ, જોર્ડન (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી ગિલ્બર્ટ એફ હોંગબો ILOના નવા ડિરેક્ટર જનરલ બન્યા



શ્રી ગિલ્બર્ટ એફ હોંગબો (Gilbert F. Houngbo) તાજેતરમાં ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન (ILO)ના 11માં ડિરેક્ટર જનરલ તરીકે ચૂંટાયા છે.

- તેઓ ટોગોના ભૂતપૂર્વ વડાપ્રધાન છે અને ઓક્ટોબર 2022માં આ પદ સંભાળશે.
- આ પદ પર ચૂંટાયેલા તેઓ પ્રથમ આફ્રિકન છે.
- તેઓ ગાય રાયડર (Guy Ryder)નું સ્થાન લેશે.
- વર્ષ 2017થી તેમણે આંતરરાષ્ટ્રીય ફંડ ફોર એગ્રીકલ્ચરલ ડેવલપમેન્ટ (IFAD)ના પ્રમુખ તરીકે સેવા આપી છે.
- તથા વર્ષ 2008થી 2012 સુધી ટોગોના વડાપ્રધાન તરીકે તેમણે સેવા આપી હતી.

### ILO

ILOનું પૂરું નામ 'International Labour Organization' છે.

- લીગ ઓફ નેશન્સની સંલગ્ન એજન્સી તરીકે વર્સેલ્સની સંધિ દ્વારા વર્ષ 1919માં તેની સ્થાપના કરવામાં આવી હતી.
- ત્યારબાદ 1946મા સંયુક્ત રાષ્ટ્રની પ્રથમ સંલગ્ન વિશેષ એજન્સી બની હતી.
- તે સંયુક્ત રાષ્ટ્રની પ્રથમ અને સૌથી જૂની વિશિષ્ટ એજન્સી છે.
- તે UNની એકમાત્ર ત્રિપક્ષીય એજન્સી છે, જે આંતરરાષ્ટ્રીય શ્રમ ધોરણો નક્કી કરીને સામાજિક અને આર્થિક ન્યાયને આગળ ધપાવે છે.
- આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત માનવ અને મજૂર અધિકારોને પ્રોત્સાહન આપે છે.
- તેના 187 સભ્ય દેશો છે (UNના 193 સભ્ય દેશોમાંથી 186 દેશ અને કૂક ટાપુઓ)
- તેનું વડું મથક સ્વિત્ઝર્લેન્ડના જિનીવા ખાતે આવેલું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સ્ટોકહોમ જળ પુરસ્કાર-2022 (Stockholm Water Prize-2022)



<u>સ્ટોકહોમ ઈન્ટરનેશનલ વોટર ઈન્સ્ટિટ્યૂટ (SIWI)</u> એ વર્ષ <u>2022</u> માટે વૈજ્ઞાનિક અને બાષ્પીભવન નિષ્ણાત <u>શ્રી વિલ્ફ્રેડ બ્રુટસેર્ટ</u>ને <u>'સ્ટોકહોમ વોટર પ્રાઈઝ'</u> એનાયત કર્યુ છે.

- આ પુરસ્કારને વ્યાપકપણે <u>પાણી માટેના નોબેલ પુરસ્કાર</u> તરીકે ઓળખવામાં આવે છે.
- પ્રોફેસર વિલ્ફ્રેડ બ્રુટસેર્ટને તેમના <u>'પર્યાવરણીય બાષ્પીભવન માપવામાં અસાધારણ કાર્ય'</u> માટે આ એવોર્ડ એનાયત થયો છે.
- પ્રોફેસર વિલ્ફ્રેડ બ્રુટસેર્ટે બાષ્પીભવનને માપવા અને પૃથ્વીના ઊર્જા સંતુલનમાં તેની ભૂમિકાને સમજવા માટે એક પદ્ધતિ વિકસાવી છે, જેનાથી વરસાદ કેવી રીતે વિકસી શકે છે તેની વધુ સચોટ આગાહી કરી શકાય છે.
- આ પદ્ધતિ નિષ્ણાતોને એ સમજવામાં મદદ કરી શકે છે કે હાલમાં કેટલું પાણી ઉપલબ્ધ છે અને ભવિષ્યમાં કેટલું ઉપલબ્ધ થશે.

નોંધ : (1) સ્ટોકહોમ ઈન્ટરનેશનલ વોટર ઈન્સ્ટિટ્યૂટ (SIWI) એ એક બિન–લાભકારી, સ્વતંત્ર સંસ્થા છે, જેનો ઉદ્દેશ્ય પ્રાદેશિક, વૈશ્વિક, સ્થાનિક અને રાષ્ટ્રીય સ્તરે તાજા પાણીના શાસન (Freshwater governance)ને મજબૂત કરવાનો છે.
(2) આ સંસ્થાની સ્થાપના <u>વર્ષ 1991</u>માં કરવામાં આવી છે.
(3) તેનું મુખ્યમથક <u>સ્વીડન</u>ના <u>સ્ટોકહોમ</u> ખાતે છે.

## વિકેન્દ્રિત વેસ્ટ મેનેજમેન્ટ ટેક્નોલોજી પાર્ક

તાજેતરમાં <u>Waste to Wealth Mission</u> હેઠળ <u>ન્યૂ જાફરાબાદ</u>, <u>દિલ્હી</u> ખાતે <u>'વિકેન્દ્રિત વેસ્ટ મેનેજમેન્ટ ટેક્નોલોજી પાર્ક' (Decentralised Wast Management Technology Park)</u>નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે.

- જે કેન્દ્ર સરકારના કાર્યાલયના <u>મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર</u> હેઠળની પહેલ છે.
- આ પાર્ક <u>પૂર્વ દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન</u>ના સહયોગથી શરૂ કરવામાં આવ્યો છે.
- આ પાર્કનું ઉદ્ઘાટન કેન્દ્ર સરકારના મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર <u>શ્રી કે. વિજય રાઘવ</u>ને કર્યુ હતું.
- તે એક પાયલોટ પ્રોજેક્ટ છે જે કચરાના વ્યવસ્થાપન માટે વિવિધ ઉકેલો પ્રદાન કરશે.
- જેમાં ઓન–સાઈટ કોમ્પેકશન અને ગંદાપાણીની ટ્રિટમેન્ટથી માંડીને ઘન કચરાના અર્ધ–સ્વચાલિત વિભાજન સુધીનો સમાવેશ થાય છે.
- આ પાર્ક <u>1000 ચોરસ મીટર</u>ના વિસ્તારમાં ફેલાયેલો છે અને તેમાં દરરોજ <u>દસ ટન</u>ની ક્ષમતા સાથે ઘન કચરાને શુદ્ધ કરવાની સુવિધા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ત્રિપુરાના ડારલોંગ સમુદાયને અનુસૂચિત જનજાતિની યાદીમાં સામેલ કરવા માટેનું બિલ

તાજેતરમાં લોકસભામાં 'બંધારણ (અનુસૂચિત જનજાતિ) આદેશ (સુધારા) બિલ, 2022' પસાર કરવામાં આવ્યું હતું.

- આ બિલમાં ડારલોંગ સમુદાયને કુકી આદિવાસી સમુદાયની પેટા–જનજાતિ તરીકે અનુસૂચિત જનજાતિ (ST)ની સૂચિમાં સામેલ કરવા માટે માંગ કરવામાં આવી હતી.
- આ બિલ 'બંધારણ (અનુસૂચિત જનજાતિ) આદેશ, 1950'માં સુધારો કરીને પસાર કરવામાં આવ્યું છે.

## ત્રિપુરામાં ડારલોંગ સમુદાય

ડારલોંગ એ ત્રિપુરાનો એક આદિવાસી સમુદાય છે, જેની વસતી 11,000 છે.

- આ સમુદાયમાં શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો ઊંચો વ્યાપ છે. અને સમુદાયના સભ્યો સ્થાનિક વહીવટમાં વરિષ્ઠ હોદ્દા ધરાવે છે. તેઓ ત્રિપુરાની વસતીના 1 ટકા કરતા પણ ઓછા છે.
- ડારલોંગ પોતાને 'હરિયમ' અથવા 'મનમાસી' (શાબ્દિક અર્થ લોકો) કહે છે.



1. તાજેતરમાં ILO (ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન)ના ડિરેક્ટર જનરલ તરીકે કોણ ચૂંટાયું છે ?

(A) શ્રી જુઆન સોમવિયા
(B) શ્રી ગિલ્બર્ટ એફ. હોંગબો
(C) શ્રી એડવર્ડ જે. ફલન
(D) શ્રી હેરોલ્ડ બટલર

(B)

2. ILOનું વડું મથક કયાં આવેલું છે ?

(A) જિનીવા
(B) પેરિસ
(C) બેઈજિંગ
(D) ન્યુયોર્ક

(A)

3. સ્ટોકહોમ ઈન્ટરનેશનલ વોટર ઈન્સ્ટિટ્યૂટ (SIWI) એ વર્ષ 2022 માટે 'સ્ટોકહોમ વોટર પ્રાઈઝ' કોને એનાયત કર્યું છે ?

(A) પ્રોફેસર વિલ્ફ્રેડ બ્રુટસેર્ટ
(B) પ્રોફેસર જી. વિનન્ટ
(C) પ્રોફેસર મિશેલ રાયડર
(D) પ્રોફેસર ક્લેરેન્સ જેન્ક્સ

(A)

4. તાજેતરમાં નીચેના પૈકી કયા સ્થળે Waste to Wealth Mission હેઠળ 'વિકેન્દ્રિત વેસ્ટ મેનેજમેન્ટ ટેકનોલોજી પાર્ક'નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે ?

(A) ન્યુ જાફરાબાદ, વિશાખાપટ્ટનમ
(B) ન્યુ જાફરાબાદ, પૂર્વ દિલ્હી
(C) ન્યુ જાફરાબાદ, પૂર્વ મુંબઈ
(D) ન્યુ જાફરાબાદ, ઈન્દોર

(B)

5. તાજેતરમાં લોકસભામાં ડારલોંગ સમુદાયને અનુસૂચિત જનજાતિની યાદીમાં સામેલ કરવા માટેનું બિલ પસાર કરવામાં આવ્યું હતું. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ બિલ 'બંધારણ (અનુસૂચિત જનજાતિ) આદેશ, 1950'માં સુધારો કરીને પસાર કરવામાં આવ્યું છે.
2. આ બિલમાં ડારલોંગ સમુદાયને કુકી આદિવાસી સમુદાયની પેટા જનજાતિ તરીકે અનુસૂચિત જનજાતિ (ST)ની સૂચિમાં સામેલ કરવા માટે માંગ કરવામાં આવી હતી.
3. ડારલોંગ એ ત્રિપુરાનો એક આદિવાસી સમુદાય છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1
(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

(D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 31 માર્ચ, World Backup Day

કમ્પ્યુટર તથા સ્માર્ટ ફોનમાં રહેલા પર્સનલ તથા પ્રોફેશનલ ડેટાની સુરક્ષા અંગે જાગૃતિ લાવવા માટે વિશ્વના કેટલાક દેશોમાં દર વર્ષે 31 માર્ચના રોજ 'World Backup Day'ની ઉજવણી કરવામાં આવે છે.

- આજનો માનવી દિવસેને દિવસે ટેકનોલોજી પર વધુ નિર્ભર થતો જાય છે. આથી, વર્તમાન સમયે ડિજિટલ ડોક્યુમેન્ટની સુરક્ષા ખૂબ જ અગત્યનો મુદ્દો છે.
- 31 માર્ચના રોજ 'વર્લ્ડ બેકઅપ ડે'ની ઉજવણી દ્વારા આ દિવસ, કોઈ દુર્ઘટનાને કારણે ડેટા લોસ થઈ જાય એ પહેલા જ તેનું બેકઅપ લેવાની યાદ અપાવે છે.

## 5મી BIMSTEC સમિટ

5મી BIMSTEC સમિટનું 30 માર્ચ, 2022ના રોજ શ્રીલંકાના કોલંબોમાં વર્ચ્યુઅલ મોડમાં આયોજન થયું હતું.

### સમિટની વિશેષતાઓ

BIMSTEC સમિટ 2022ની મુખ્ય વિશેષતા BIMSTEC ચાર્ટરને અપનાવવા અને હસ્તાક્ષર કરવાની હતી.

- આ ચાર્ટર BIMSTEC જૂથને એક એવી સંસ્થામાં ઔપચારિક બનાવે છે જેમાં ધ્વજ, પ્રતિક અને સભ્ય દેશો દ્વારા અનુસરવાના ઔપચારિક રીતે સૂચિબદ્ધ સિદ્ધાંતો હશે.
- આ ચાર્ટર હેઠળ તમામ સભ્યો બે વર્ષમાં એકવાર મળે છે.
- BIMSTEC નેતાઓએ 3 અલગ-અલગ BIMSTEC કરારો પર હસ્તાક્ષર કર્યા, જે ચાલુ સહકાર પ્રવૃત્તિઓમાં જૂથ દ્વારા હાંસલ કરવામાં આવેલી પ્રગતિનું પ્રતિનિધિત્વ કરે છે.
- આ ઉપરાંત ભારત દ્વારા તેનું સંચાલન બજેટ વધારવા માટે BIMSTEC સચિવાલયને 1 મિલિયન અમેરિકન ડોલર આપવામાં આવશે.
- જે કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે તે આ મુજબ છે :

  (1) રાજદ્વારી તાલીમ માટે પરસ્પર સહકાર પર BIMSTEC MoU

  (2) ફોજદારી બાબતોમાં પરસ્પર કાનૂની સહાયતા પર BIMSTEC કોન્ફરન્સ

  (3) BIMSTEC ટેકનોલોજી ટ્રાન્સફર ફેસિલીટી સ્થાપવા પર એક MoU
- સંગઠનનું ઔપચારિક માળખુ વિકસાવવા માટે સભ્ય દેશોના નેતાઓએ જૂથની કામગીરીને સાત વિભાગોમાં વિભાજીત કરવા સંમત થયા છે, જેમાં ભારત સુરક્ષા સ્તંભનું નેતૃત્વ કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## BIMSTECના સ્તંભો

| | | |
|---|---|---|
| 1 | બાંગ્લાદેશ | વેપાર, રોકાણ અને વિકાસ |
| 2 | શ્રીલંકા | વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનતા |
| 3 | થાઈલેન્ડ | કનેક્ટિવિટી |
| 4 | ભૂટાન | પર્યાવરણ અને આબોહવા પરિવર્તન |
| 5 | મ્યાનમાર | કૃષિ અને ખાદ્ય સુરક્ષા<br>પેટા ક્ષેત્રો : કૃષિ, માછીમારી, પશુપાલન |
| 6 | ભારત | સુરક્ષા<br>પેટા ક્ષેત્રો : કાઉન્ટર ટેરરિઝમ એન્ડ ઈન્ટરનેશનલ ક્રાઈમ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, ઊર્જા |
| 7 | નેપાળ | લોકો–થી–લોકો સંપર્ક (સંસ્કૃતિ, પ્રવાસન, થિંક ટેન્ક, મીડિયા ફોરમ વગેરે..) |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સમિટની થીમ

- આ સમિટની થીમ **'Towards a Resilent Region, Prosperous Economics, Healthy People'** છે.

## BIMSTEC

બિમસ્ટેક એ બંગાળની ખાડીમાં વસતા સાત દેશોનું સંગઠન છે.

- બિમસ્ટેકનો મુખ્ય ઉદ્દેશ બંગાળની ખાડીમાં રહેલા દેશો વચ્ચે ટેકનિકલ અને આર્થિક સહયોગનો છે.
- આ ઉદ્દેશની પૂર્તિ માટે 6 જૂન, 1997ના રોજ 'બેંગકોક ઘોષણાપત્ર' અંતર્ગત બિમસ્ટેકની સ્થાપના કરવામાં આવી હતી.
- તેનું વડું મથક બાંગ્લાદેશના ઢાકા ખાતે આવેલું છે.
- તેના સાત સભ્ય દેશોમાં ભારત, બાંગ્લાદેશ, ભૂટાન, મ્યાનમાર, નેપાળ, શ્રીલંકા અને થાઈલેન્ડનો સમાવેશ થાય છે.
- BIMSTECનું પૂરું નામ **'Bay of Bengal Initiative for Multi-Sectoral Technical and Economic Cooperation'** છે.

નોંધ : (1) આ અગાઉ બિમસ્ટેકની ચોથી સમિટ નેપાળના કાઠમંડુ ખાતે યોજાઈ હતી.

(2) બિમસ્ટેકનું પ્રથમ સંમેલન 31 જુલાઈ, 2004ના રોજ થાઈલેન્ડના બેંગકોક ખાતે યોજાયું હતું.

(3) અત્યાર સુધી બિમસ્ટેક સંમેલનનું આયોજન ભારતમાં ફક્ત એક જ વખત થયું છે. આ અંતર્ગત 13 નવેમ્બર, 2008ના રોજ બિમસ્ટેકનું બીજું સંમેલન ભારતમાં નવી દિલ્હી ખાતે યોજાયું હતું.

## IONS Maritime Exercise 2022 (IMEX-22)

ઈન્ડિયન ઓશન નેવલ સિમ્પોસિયન (IONS) મેરીટાઈમ એક્સરસાઈઝ 2022 (IMEX-2022)ની પ્રથમ આવૃત્તિ ગોવા અને અરબી સમુદ્રમાં યોજાઈ હતી.

### IMEX-22

આ કવાયતમાં IONSના 25 સભ્ય દેશોમાંથી 15 દેશોએ ભાગ લીધો હતો.

- આ કવાયતનો હેતુ સભ્ય દેશોની નૌકાદળ વચ્ચે માનવતાવાદી સહાયતા અને આપત્તિ રાહત (HADR)માં આંતરપ્રતિક્રિયાને વધારવાનો હતો.
- આ કવાયતને પ્રાદેશિક નૌકાદળો માટે સહકાર આપવા અને પ્રદેશમાં કુદરતી આફતો સામે સામૂહિક રીતે પ્રતિસાદ આપવા અને પ્રાદેશિક સહકારને મજબૂત બનાવવાનો માર્ગ મોકળો કરવા માટે એક મહત્વપૂર્ણ પગલા તરીકે જોવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### IONS

હિંદ મહાસાગર નૌસેના સંગોષ્ઠી (Indian Ocean Neval Symposium-IONS)ની સ્થાપના વર્ષ 2007માં કરવામાં આવી હતી.

- IONS એ હિંદ મહાસાગર ક્ષેત્રના દરિયાકાંઠાના રાજ્યો/દેશોની નૌકાદળ વચ્ચે સહકાર અને સુરક્ષા માટેનું અગ્રણી મંચ છે.
- આ મંચ અથવા પ્લેટફોર્મ મૈત્રીપૂર્ણ સંબંધોને પ્રોત્સાહન આપે છે અને દરિયાઈ સુરક્ષામાં પણ સુધારો કરે છે.
- IONSના સભ્ય દેશ આ મુજબ છે : ભારત, બાંગ્લાદેશ, માલદીવ્સ, સેશેલ્સ, પાકિસ્તાન, ઈરાન, શ્રીલંકા, સાઉદી અરેબિયા, ઓમાન, ફ્રાન્સ, યુએઈ, મોરેશિયસ, કેન્યા, દક્ષિણ આફ્રિકા, મોઝામ્બિક, એરિટ્રિયા, તાંઝાનિયા, ઓસ્ટ્રેલિયા, મલેશિયા, ઈન્ડોનેશિયા, સિંગાપોર, મ્યાનમાર, તિમોર લેસ્ટે અને થાઈલેન્ડ.

1. 'World Backup Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 28 માર્ચ (B) 29 માર્ચ

(C) 30 માર્ચ (D) 31 માર્ચ (D)

2. તાજેતરમાં 30 માર્ચ, 2022 દરમિયાન 'બિમસ્ટેક સમિટ'નું આયોજન (વર્ચ્યુઅલ) કયાં થયું હતું ?

(A) કોલંબો, શ્રીલંકા (B) બેંગકોક, થાઈલેન્ડ

(C) નવી દિલ્હી, ભારત (D) કાઠમંડુ, નેપાળ (A)

3. તાજેતરમાં માર્ચ 2022 દરમિયાન કેટલામી 'BIMSTEC સમિટ'નું આયોજન થયું હતું ?

(A) ત્રીજી (B) ચોથી

(C) પાંચમી (D) છઠ્ઠી (C)

4. તાજેતરમાં 5મી BIMSTEC સમિટનું આયોજન થયું હતું. આ સમિટ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ સમિટની મુખ્ય વિશેષતા BIMSTEC ચાર્ટરને અપનાવવા અને તેના પર હસ્તાક્ષર કરવાની હતી.

2. આ ચાર્ટર હેઠળ BIMSTEC હવે આંતરરાષ્ટ્રીય હાજરી ધરાવે છે. તેમાં એક પ્રતિક પણ છે અને ધ્વજ પણ છે.

3. આ ચાર્ટર હેઠળ કાઠમંડુમાં લશ્કરી તાલીમ કેન્દ્ર સ્થાપવામાં આવશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2

(C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3 (A)

5. તાજેતરમાં IONS Maritime Exercise 2022 (IMEX-22)ની ગોવા અને અરબી સમુદ્રમાં કેટલામી આવૃત્તિ યોજાઈ હતી ?

(A) પ્રથમ (B) બીજી

(C) ત્રીજી (D) ચોથી (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 1 એપ્રિલ, RBI સ્થાપના દિવસ

## ડિજિટલ પ્લેટફોર્મ : FASTER

તાજેતરમાં ભારતના મુખ્ય ન્યાયાધીશ શ્રી એન. વી. રમનાએ ડિજિટલ પ્લેટફોર્મ 'FASTER' લોન્ચ કર્યુ છે.

### FASTER વિશે

**FASTERનું પૂરું નામ 'FAST and secured Transmission of Electronics Records' છે.**

- FASTER એ સુરક્ષિત ઈલેક્ટ્રોનિક કોમ્યુનિકેશન ચેનલ દ્વારા સંબંધિત સત્તાવાળાઓને સુપ્રીમ કોર્ટના વચગાળાના આદેશો, સ્ટે ઓર્ડર, જામીનના આદેશો વગેરે સંચાર કરવા માટે ડિજિટલ પ્લેટફોર્મ છે.
- આ સોફ્ટવેરના ઉપયોગ દ્વારા હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા આદેશો કોઈપણ તૃતિય પક્ષની દખલ વિના સુરક્ષિત રીતે પ્રસારિત કરવામાં આવશે.
- હાઈકોર્ટ કક્ષાએ 73 નોડલ અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. અને ન્યાયિક સંચારના નેટવર્ક દ્વારા જેલ અધિકારીઓની પણ પસંદગી કરવામાં આવી છે.
- આ સોફ્ટવેર માટે એક સુરક્ષિત પાથવે Email Id પણ સ્થાપિત કરવામાં આવી છે.
- આ સોફ્ટવેર દ્વારા જામીનના આદેશો ઝડપથી સંચાર કરવામાં આવશે અને પ્રમાણીકરણ હેતુઓ માટે તેમાં સુપ્રીમ કોર્ટના સૂચિત નોડલ અધિકારીઓ સાથે સંસ્થાકીય ડિજિટલ હસ્તાક્ષર હશે.
- આમ વધુ સમય બગાડયા વિના જામીનના આદેશો સંબંધિત તમામ પક્ષકારોને પ્રાપ્ત થશે અને તેમના વતી તાત્કાલિક જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## બે નવી જીઓલોજિકલ હેરિટેજ સાઈટ્સ

તાજેતરમાં જીઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (GSI)એ ભારતીય હિમાલય પ્રદેશમાં બે ભૂસ્તરશાસ્ત્રીય વારસાના સ્થળોની ઓળખ કરી છે.

- આ અંતર્ગત નીચેના બે સ્થળોની ઓળખ કરવામાં આવી છે :

  (1) શિવાલિકા જીવાશ્મ ઉદ્યાન (Shivalik Fossil Park) – હિમાચલ પ્રદેશ

  (2) સ્ટ્રોમેટોલાઈટ બેરિંડ ડોલોમાઈટ અથવા બક્સા ફાર્મેશનના ચૂનાના પથ્થર – સિક્કિમ
- આ બે સ્થળના સમાવેશના કારણે ભારતમાં 34 ભૂસ્તરીય વારસાની જગ્યા બની છે.
- અગાઉ GSIએ ભૂ–પર્યટનને પ્રોત્સાહન આપવા માટે કેટલાક ભૂસ્તરશાસ્ત્રીય સ્થળોની ઓળખ કરી હતી.

## જીઓ હેરિટેજ સાઈટ શું છે ?

જીઓ હેરિટેજ એ ભૂસ્તરશાસ્ત્રીય વિશેષતાઓ અથવા સ્થાનોનો ઉલ્લેખ કરે છે જે કુદરતી અને સાંસ્કૃતિક રીતે મહત્વપૂર્ણ છે.

- અને પૃથ્વીના ઉત્ક્રાંતિ અથવા પૃથ્વી વિજ્ઞાનના ઈતિહાસની સમજ આપે છે. અથવા શૈક્ષણિક હેતુઓ માટે તેનો ઉપયોગ કરી શકાય છે.

**નોંધ :** (1) હિમાચલ પ્રદેશનો શિવાલિક ફોસિલ પાર્ક પ્લિયો–પ્લિસ્ટોસીન યુગ (2.6 મિલિયનથી 11,700 વર્ષ પહેલાં)ના પ્રદેશના શિવાલિક ખડકોમાંથી પ્રાપ્ત કરાયેલ કરોડરજ્જુના અવશેષોનો સમૃદ્ધ સંગ્રહ દર્શાવે છે.

(2) સિક્કિમના સ્ટ્રોમેલાઈટ બેરિંડ ડોલોમાઈટએ પ્રોટેરોઝોઈક યુગના ડેલિંગ જૂથ (2.5 અબજ વર્ષોથી 541 મિલિયન વર્ષો પહેલાં) સાથે સંબંધિત છે.



**1. નીચેનામાંથી કઈ તારીખ RBI સ્થાપના દિવસ છે ?**

**(A) 1 એપ્રિલ** **(B) 2 એપ્રિલ**

**(C) 3 એપ્રિલ** **(D) 4 એપ્રિલ** **(A)**

**2. તાજેતરમાં ભારતના મુખ્ય ન્યાયાધીશ શ્રી એન. વી. રમનાએ ડિજિટલ પ્લેટફોર્મ............. લોન્ચ કર્યુ છે.**

**(A) MASTER** **(B) FASTER**

**(C) RASTER** **(D) AAPSTER** **(B)**

**3. તાજેતરમાં ભારતના મુખ્ય ન્યાયાધીશે ડિજિટલ પ્લેટફોર્મ 'FASTER' લોન્ચ કર્યુ છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?**

**(A) તેનું પૂરું નામ 'FAST and secured Transmission of Electronics Records' છે.**

**(B) તે સુરક્ષિત ઈલેક્ટ્રોનિક કોમ્યુનિકેશન ચેનલ દ્વારા સંબંધિત સત્તાવાળાઓને સુપ્રીમ કોર્ટના વચગાળાના આદેશો, સ્ટે, ઓર્ડર જામીનના આદેશો વગેરે સંચાર કરવા માટેનું ડિજિટલ પ્લેટફોર્મ છે.**

**(C) (A) અને (B) બંને સાચા**

**(D) (A) અને (B) બંને ખોટા** **(C)**

**4. તાજેતરમાં જીઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (GSI) એ ભારતીય હિમાલય પ્રદેશમાં ભૂસ્તરશાસ્ત્રીય વારસાના સ્થળની ઓળખ કરી છે. તેમાં નીચેનામાંથી કયા સ્થળનો સમાવેશ થાય છે ?**

**1. શિવાલિક જીવાશ્મ ઉદ્યાન (Shivalik Fossil Park) – હિમાચલ પ્રદેશ**

**2. સ્ટ્રોમેટોલાઈટ બેરિંડ ડોલોમાઈટ/બક્સા ફોર્મેશનના ચૂનાના – પથ્થર સિક્કિમ**

**યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

**(A) ફક્ત 1** **(B) ફક્ત 2**

**(C) 1 અને 2 બંને** **(D) એકપણ નહીં** **(C)**

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**દિવસ મહિમા : 2 એપ્રિલ,** (1) **International Children's Book Day**
(2) **World Autism Awareness Day અથવા વિશ્વ ઓટીઝમ જાગૃતિ દિવસ**

## વિશ્વ ઓટીઝમ જાગૃતિ દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 2 એપ્રિલના રોજ 'વિશ્વ ઓટીઝમ જાગૃતિ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસના આયોજનનો મુખ્ય ઉદ્દેશ્ય ઓટીઝમ વિશે જાગૃતિ ફેલાવવાનો અને સામાન્ય લોકોને આ ડિસઓર્ડર સાથે સંકળાયેલા પડકારોને સમજવામાં મદદ કરવાનો છે.
- ઓટીઝમ એ એક માનસિક બિમારી અથવા ગંભીર વિકૃતિ છે. જે મગજના વિકાસ દરમિયાન થાય છે.
- તે માનવ શરીરની, માનવ મગજની એક સમસ્યા છે. આ ખામી ધરાવનાર વ્યક્તિ જે જુએ, સાંભળે તેને યોગ્ય રીતે સમજવામાં તકલીફ પડે છે.

## લોકસભાએ 'દિલ્હી નગર નિગમ (સુધારા) બિલ, 2022 પસાર કર્યું

દિલ્હીની ત્રણ મ્યુનિસિપલ કોર્પોરેશન (દક્ષિણ, ઉત્તર અને પૂર્વ દિલ્હી)ને એક જ એકમમાં મર્જ કરવા માટે લોકસભાએ 'દિલ્હી નગર નિગમ (સુધારા) બિલ, 2022' (Municipal Corporation of Delhi (Amendment) Bill, 2022) પસાર કર્યું છે.

- આ બિલ ધ્વની મત દ્વારા પસાર કરવામાં આવ્યું હતું. અને વિપક્ષી સભ્યો દ્વારા રજૂ કરવામાં આવેલ વિવિધ સુધારાને નામંજૂર કરવામાં આવ્યા છે.
- કેન્દ્રીય કેબિનેટે આ બિલને મંજૂરી આપી હતી.
- નવા કોર્પોરેશનની પ્રથમ બેઠક ન થાય ત્યાં સુધી કાઉન્સિલરોની ચૂંટાયેલી પાંખના કાર્યોને નિભાવવા માટે 'વિશેષ અધિકારી'ની નિમણૂક કરવામાં આવશે.
- આ સુધારા બિલ દિલ્હીની ત્રણેય મ્યુનિસિપલ કોર્પોરેશન (MCD)ના કામકાજને નિયંત્રિત કરતી સ્થાનિક સંસ્થાઓ અને નિર્દેશકો સાથે સંબંધિત વિભાગને દૂર કરશે.

## આ બિલનો ઉદ્દેશ્ય

ત્રણેય મ્યુનિસિપલ કોર્પોરેશનોને એક સુસજ્જ અને સંકલિત એકમમાં મર્જ કરવામાં આવશે જેથી સંસાધનોનો મહત્તમ ઉપયોગ અને વ્યૂહાત્મક આયોજનની ખાતરી કરવા માટે એક મજબૂત મિકેનિઝમ ગોઠવી શકાય.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## આ બિલની જરૂરિયાત ?

ત્રણ ભાગોમાં વિભાજિત દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડયો હતો જેમ કે સફાઈ કર્મચારીઓના પગારની ચૂકવણી ન કરવી, ત્રણ નાગરિક સંસ્થાઓ વચ્ચે સંપત્તિનું અસમાન વિતરણ, અયોગ્ય સંચાલન અને વધતું નુકશાન વગેરે.

- ત્રણેય મ્યુનિસિપલ કોર્પોરેશનનું વિભાજન પ્રાદેશિક વિભાજન અને દરેક કોર્પોરેશનની આવક–ઉત્પાદન ક્ષમતાની દષ્ટિએ અસમાન હતું.
- પરિણામે ત્રણેય કોર્પોરેશનોની જવાબદારીઓ અને ઉપલબ્ધ સંસાધનો વચ્ચે વિશાળ અંતર હતું.
- સમય જતા આ અંતર વધ્યુ અને ત્રણેય મ્યુનિસિપલ કોર્પોરેશનોની નાણાકીય મુશ્કેલીઓ વધી હતી.
- જેના કારણે તેઓ તેમના કર્મચારીઓને સમયસર પગાર અને નિવૃત્તિના લાભો ચૂકવી શકયા નહીં.
- અને આ રીતે દિલ્હીમાં નાગરિક સેવાઓ જાળવવામાં ગંભીર અવરોધો ઉભા થવા લાગ્યા હતા.


INSTITUTE FOR COMPETITIVE EXAMS

# સામાન્ય વિજ્ઞાન

◆ વૈકલ્પિક પ્રશ્નોત્તરી સ્વરૂપે ◆ [ MCQ BOOSTER ]

**પરીક્ષાલક્ષી મહત્ત્વના 1650+ MCQs**

- PSI-ASI, કોન્સ્ટેબલ, બિનસચિવાલય ક્લાર્ક, તલાટી, જૂનિયર ક્લાર્ક, GPSC તથા તમામ સ્પર્ધાત્મક પરીક્ષા માટે અત્યંત ઉપયોગી પુસ્તક.
- આ પુસ્તકના લેખન દરમિયાન GCERT અને NCERTના પુસ્તકોનો મુખ્ય આધાર બનાવવામાં આવ્યો છે.
- જીવવિજ્ઞાનની અંદર સમાવિષ્ટ ટોપિક જેમ કે કોષ, પ્રાણી વિજ્ઞાન, મનુષ્યનું શરીર, રોગો, સૂક્ષ્મજીવો વગેરે...તથા ભૌતિક વિજ્ઞાનમાં એકમ, ગતિ, કાર્ય અને ઉર્જા, દબાણ, તરંગ, ધ્વની, વિદ્યુત વગેરે...તથા રસાયણ વિજ્ઞાનમાં ધાતુ-અધાતુ, એસિડ-બેઇઝ, પદાર્થ, આવર્ત કોષ્ટક જેવા તમામ ટોપિકમાંથી 1650+ MCQ તૈયાર કરવામાં આવ્યા છે.
- આ ઉપરાંત પર્યાવરણ, શોધ, શોધક, વૈજ્ઞાનિક સાધનો અને તેમના ઉપયોગો, ગુજરાત, ભારત અને વિશ્વના વૈજ્ઞાનિકોના પ્રશ્નોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.




ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને ICEONLINE.IN પર ઉપલબ્ધ છે.

1. 'ઈન્ટરનેશનલ ચિલ્ડ્રન બુક ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 1 એપ્રિલ (B) 2 એપ્રિલ

(C) 3 એપ્રિલ (D) 4 એપ્રિલ (B)

2. 'વર્લ્ડ ઓટીઝમ અવેરનેસ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 1 એપ્રિલ (B) 2 એપ્રિલ

(C) 3 એપ્રિલ (D) 4 એપ્રિલ (B)

3. તાજેતરમાં દિલ્હીની કેટલી મ્યુનિસિપલ કોર્પોરેશન મર્જ કરવા માટે લોકસભાએ 'દિલ્હીનગર નિગમ (સુધારા) બિલ, 2022' પસાર કર્યુ છે ?

(A) ત્રણ (B) ચાર

(C) છ (D) સાત (A)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. તાજેતરમાં લોકસભાએ 'દિલ્હી નગર નિગમ (સુધારા) બિલ, 2022' પસાર કર્યુ હતું. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ બિલ અનુસાર દિલ્હીની ત્રણ મ્યુનિસિપલ કોર્પોરેશન (MCD) દક્ષિણ, ઉત્તર અને પૂર્વ દિલ્હીને એક જ એકમમાં મર્જ કરવામાં આવશે.

2. આ બિલ મુજબ ત્રણેય કોર્પોરેશનના કામકાજને નિયંત્રિત કરતી સ્થાનિક સંસ્થાઓ અને નિર્દેશકો સાથે સંબંધિત વિભાગને દૂર કરશે.

3. આ બિલ મુજબ દિલ્હીમાં 14 વિશેષ અધિકારીઓની નિમણૂક કરવામાં આવશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 2 (D) 1, 2 અને 3 (A)

# ONE LINER

## ગુજરાત

➤ **રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદનું ગુજરાત વિધાનસભાને સંબોધન**

ઈતિહાસમાં સૌપ્રથમવાર રાષ્ટ્રપતિશ્રી દ્વારા ગુજરાત વિધાનસભા ગૃહમાં ધારાસભ્યશ્રીઓને સંબોધવામાં આવ્યા હતા. ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ ગુજરાતના 2 દિવસીય પ્રવાસે આવ્યા હતા. રાષ્ટ્રપતિશ્રીએ ગુજરાત વિધાનસભાના સભ્યોને સંબોધિત કરતા કહ્યું કે આઝાદી અને તેના અમૃત મહોત્સવની ઉજવણી કરવા માટે ગુજરાત કરતા વધુ સારી જગ્યા કોઈ નથી. ગુજરાતના લોકો સ્વતંત્ર ભારતની કલ્પના કરવામાં અગ્રેસર હતા.

## ભારત

➤ **કોયના ડેમ**

તાજેતરમાં ભારતના CAGએ મહારાષ્ટ્રમાં અધૂરા હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટની સુધારેલી વહીવટી મંજૂરી આપવામાં વિલંબ વિશે માહિતી આપી હતી. નોંધનીય છે કે મહારાષ્ટ્ર સરકારના જળ સંસાધન વિભાગ (WRD)એ વર્ષ 2004માં કોયના ડેમની ડાબી બાજુએ 2×40 મેગાવોટ (MW) હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટના નિર્માણ માટે વહીવટી મંજૂરી આપી હતી. કોયના ડેમ એ મહારાષ્ટ્રનો સૌથી મોટો ડેમ છે, તે સતારા જિલ્લાના કોયના નગરમાં આવેલો છે. તે કોયના નદી પર બાંધવામાં આવેલ છે.

➤ **પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના (PMGKAY) સપ્ટેમ્બર સુધી લંબાવવામાં આવી**

તાજેતરમાં કેન્દ્ર સરકારે 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના' (PMGKAY)ને 6 મહિના માટે લંબાવી છે. આ યોજનાના તબક્કા 5ના ભાગ રૂપે સપ્ટેમ્બર 2022 સુધી લંબાવવામાં આવી છે. આ યોજના વર્ષ 2020માં COVID-19 મહામારી પછી શરૂ કરવામાં આવી હતી. આ યોજના હેઠળ દર મહિને વ્યક્તિ દીઠ 5 કિલો અનાજ મફત આપવામાં આવે છે. તેમાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) અને નેશનલ ફૂડ સિક્યુરિટી એક્ટ (NFSA) (અંત્યોદય અન્ન યોજના અને પ્રાથમિકતા પરિવારો) હેઠળ આવરી લેવામાં આવેલા તમામ લાભાર્થીઓનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ➤ યોગ મહોત્સવ 2022

યોગ મહોત્સવ 2022 એ એક અભિયાન છે જે 100 સ્થળોએ 100 દિવસ માટે આયોજિત કરવામાં આવશે અને તેમાં 100 સંસ્થાઓ સામેલ થશે. આ અભિયાન 21 જૂન 2022 સુધી ચાલશે. યોગ અને તેની ઉપયોગીતાને પ્રોત્સાહન આપવાના હેતુથી તેની શરૂઆત કરવામાં આવી છે. આ ઈવેન્ટ 'આરોગ્ય, સુખાકારી અને વિશ્વ શાંતિ માટે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 2022ના 100 દિવસની કાઉન્ટડાઉન અભિયાન'ને પણ પ્રોત્સાહન આપશે. આ 100 દિવસીય કાર્યક્રમમાં યોગ પ્રદર્શન, યોગ કાર્યક્રમ, પરિસંવાદો અને કાર્યશાળાઓ સામેલ છે. આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે 21 જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 75 વારસાગત સાંસ્કૃતિક સ્થળોનું પ્રદર્શન કરશે.

### ➤ રાષ્ટ્રીય સંસ્કૃતિ મહોત્સવ 2022નું આયોજન કરવામાં આવ્યું

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત 'રાષ્ટ્રીય સંસ્કૃતિ મહોત્સવ 2022'નું ઉદ્ઘાટન આંધ્રપ્રદેશના રાજ્યપાલ શ્રી વિશ્વભૂષણ હરિચંદન દ્વારા રાજમહેન્દ્રવરમ આર્ટ્સ કોલેજ ગ્રાઉન્ડ, આંધ્રપ્રદેશ ખાતે કરવામાં આવ્યું હતું. આ બે દિવસીય ઉત્સવ 26 અને 27 માર્ચ 2022ના રોજ યોજાયો હતો. વર્ષ 2015મા પ્રથમવાર રાષ્ટ્રીય સંસ્કૃતિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય સંસ્કૃતિ મહોત્સવના બીજા તબક્કાનું ઉદ્ઘાટન 29 માર્ચે વારંગલમાં થશે. બીજા તબક્કાનું ઉદ્ઘાટન તેલંગાણાના રાજ્યપાલ તમિલિસાઈ સુંદરરાજન કરશે. જ્યારે આ ઉત્સવનો ત્રીજો તબક્કો 1 થી 3 એપ્રિલ હૈદરાબાદમાં યોજાશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ મહિલાઓ માટે કાનૂની સહાય ક્લિનિક

તાજેતરમાં રાષ્ટ્રીય મહિલા આયોગે દિલ્હી સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરિટી(DSLLSA)ના સહયોગથી કાનૂની સહાય ક્લિનિક શરૂ કર્યુ છે. મહિલાઓને મફત કાનૂની સહાય આપીને તેમની ફરિયાદોના નિવારણ માટે આ એક સિંગલ વિન્ડો સુવિધા છે. રાષ્ટ્રીય મહિલા આયોગ અન્ય રાજ્ય મહિલા આયોગોમાં પણ સમાન કાનૂની સહાય ક્લિનિક હેઠળ ફરિયાદોને કાઉન્સેલિંગ આપવામાં આવશે. તથા તકલીફમાં રહેલી મહિલાઓને કાનૂની સહાય, મહિલા જાહેર સુનાવણી સહાય, લગ્ન સંબંધી બાબતો અંગેની માહિતી વગેરે સેવાઓમાં સહાય પૂરી પાડવામાં આવશે.

➤ **સુશ્રી મીરાબાઈ ચાનુએ 'BBC ઈન્ડિયન સ્પોર્ટ્સવુમન ઓફ ધ યર' એવોર્ડ જીત્યો**

ઓલિમ્પિક સિલ્વર મેડાલિસ્ટ વેઈટલિફ્ટર સુશ્રી મીરાબાઈ ચાનૂએ BBC ઈન્ડિયન સ્પોર્ટ્સવુમન ઓફ ધ યરનો એવોર્ડ જીત્યો છે. સુશ્રી મીરાબાઈ ચાનુએ ટોક્યો ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીત્યો હતો. અને આ સિદ્ધિ મેળવનાર તેઓ ભારતના પ્રથમ મહિલા વેઈટલિફ્ટર બન્યા હતા. આ એવોર્ડ BBC હિન્દી દ્વારા તેમના સંબંધિત ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનારી ભારતની રમતવીર મહિલાઓની ઉજવણી અને સન્માન કરવા માટેની પહેલ છે. આ ઉપરાંત ભારતીય વિમેન્સ ટીમના યુવા ક્રિકેટર સુશ્રી શૈફાલી વર્માને ઈમર્જિંગ પ્લેયરના એવોર્ડનું સન્માન આપવામાં આવ્યું છે. તથા સુશ્રી કર્ણમ મલ્લેશ્વરીને લાઈફ ટાઈમ અચિવમેન્ટ પુરસ્કાર આપવામાં આવ્યો છે.

➤ **CONDORS : P-8I વિમાનોની સ્ક્વોડ્રન કમિશન કરવામાં આવી**

તાજેતરમાં નેવીએ ગોવામાં આયોજિત એક સમારોહમાં 'INAS-316'ને તેના કાફલામાં સામેલ કર્યુ છે. INAS-316ને કોન્ડર્સ નામ આપવામાં આવ્યું છે. કોન્ડર્સ એ વિશ્વના સૌથી મોટા ઉડતા પક્ષીઓમાંનું એક છે. ઈન્ડિયન નેવલ એર સ્કવોડ્રન-316 (INAS) 2016માં વૈકલ્પિક કલમના ભાગરૂપે પ્રાપ્ત કરેલા ચાર P-8I એરક્રાફ્ટનું સંચાલન કરશે. P-8I એ બહુ–ભૂમિકા લાંબા અંતરના દરિયાઈ રિકોન્સિસ એન્ટી સબમરીન વોરફેર (LRMR ASW) ક્ષમતાઓ ધરાવતુ વિમાન છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વિશ્વ

➤ **Yangtze River Three Gorges 1 : વિશ્વનું સૌથી મોટું ઈલેક્ટ્રિક ક્રુઝ શિપ**

વિશ્વનું સૌથી મોટું ઈલેક્ટ્રિક ક્રુઝ શિપ તેની પ્રથમ સફર માટે યાંગત્ઝે નદી પર સફર કર્યા પછી ચીનના મધ્ય હુબેઈ પ્રાંતના યિચાંગ બંદર પર પરત ફર્યુ છે. ક્રુઝ શિપ 7,500 કિલોવોટ–કલાકની દરિયાઈ બેટરી દ્વારા સંચાલિત છે. આ બેટરી કન્ટેમ્પરરી એમ્પેરેક્સ ટેકનોલોજી દ્વારા પૂરી પાડવામાં આવે છે, જે વિશ્વમાં ઈલેક્ટ્રિક કાર માટે નંબર 1 બેટરી ઉત્પાદક છે. આ જહાજ એપ્રિલ 2022થી કોમર્શિયલ કામગીરી શરૂ કરશે. આ શિપનો ઉપયોગ મુખ્યત્વે જોવાલાયક સ્થળ માટે કરવામાં આવશે. આ જહાજનું નામ 'Yangtze River Three Gorges 1' છે. તેનો મુખ્ય હેતુ યાંગત્ઝે નદી પર ફરવા જઈ રહેલા પ્રવાસીઓને લઈ જવાનો છે.

## ICE ? Questions

- રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે તાજેતરમાં ગુજરાત વિધાનસભાના ગૃહમાં ધારાસભ્યોને સંબોધ્યા હતા. કોઈ રાષ્ટ્રપતિએ ગુજરાત વિધાનસભાના ગૃહને સંબોધિ હોય તેવી આ કેટલામી ઘટના છે ? – પ્રથમ
- તાજેતરમાં ચર્ચામાં રહેલ 'કોયના ડેમ' કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ? – મહારાષ્ટ્ર
- પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના કયા મહિના સુધી લંબાવવામાં આવી છે ? – સપ્ટેમ્બર
- યોગ મહોત્સવ 2022 એ એક અભિયાન છે જે કેટલા સ્થળોએ 100 દિવસ માટે આયોજિત કરવામાં આવશે ? – 100
- તાજેતરમાં 'રાષ્ટ્રીય સંસ્કૃતિ મહોત્સવ 2022'નું ઉદ્દઘાટન કયા રાજ્યમાં કરવામાં આવ્યું હતું ? – આંધ્રપ્રદેશ
- તાજેતરમાં કોણે દિલ્હી સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરિટીના સહયોગથી કાનૂની સહાય ક્લિનિક શરૂ કર્યુ છે ? – રાષ્ટ્રીય મહિલા આયોગ
- તાજેતરમાં કોણે 'BBC ઈન્ડિયન સ્પોર્ટ્સવુમન ઓફ ધ યર' એવોર્ડ જીત્યો છે ? – સુશ્રી મીરાબાઈ ચાનુ
- તાજેતરમાં નેવીએ ગોવામાં આયોજિત એક સમારોહમાં 'INAS-316' ને તેના કાફલામાં સામેલ કર્યુ છે. તેને શું નામ આપવામાં આવ્યું છે ? – કોન્ડર્સ
- Yangtze River Three Gorges 1 શું છે ? – વિશ્વનું સૌથી મોટું ઈલેક્ટ્રિક ક્રુઝ શિપ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

1. કયા વૈશ્વિક સંગઠને 'ગોપનીયતા અને વ્યક્તિગત ડેટાની સુરક્ષા અંગેની ઘોષણા જાહેર કરી છે ?

– યુરોપિયન યુનિયન

(યુરોપિયન યુનિયન, ઓસ્ટ્રેલિયા, કોમોરોસ, ભારત, જાપાન, મોરેશિયસ, ન્યુઝીલેન્ડ, દક્ષિણ કોરિયા, સિંગાપોર અને શ્રીલંકાએ ડેટા સંરક્ષણ અને ગોપનિયતાના ધોરણોને પ્રોત્સાહન આપવા હેતુ માટે સંયુક્ત ઘોષણા જાહેર કરવાનો નિર્ણય કર્યો છે.)

2. ગુજરાત રાજ્યની.............મહાનગરપાલિકાના સૌપ્રથમ મ્યુનિસિપલ બોન્ડ 2022નું BSEમાં લિસ્ટીંગ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં સંપન્ન થયું હતું. – વડોદરા

3. તાજેતરમાં સરકારી ડેટા અનુસાર 2022 સુધીમાં દેશમાં કયા રાજ્યમાં સૌથી વધુ ODF પ્લસ ગામો હશે ?

– તેલંગાણા

4. ભારતમાં પ્રથમ વખત રફ દાતવાળી ડોલ્ફિન (Steno Bredanensis) કયા રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશમાં જોવા મળી છે ? – લક્ષદ્વીપ

5. તાજેતરમાં કોણે 'કોલ્ડ રિસ્પોન્સ 2022' નામના લશ્કરી કવાયત શરૂ કરી છે ? – NATO

6. ................. રાજ્યની 'ઉડાન' યોજના રાજ્યની ગ્રામીણ કન્યાઓને શિષ્યવૃતિ યોજનાઓ પૂરી પાડે છે, જેનાથી તેઓ શાળાકીય અભ્યાસ કરી શકે છે. – રાજસ્થાન

7. કયા દેશે તાજેતરમાં સેમિકન્ડક્ટર ચિપ્સના ઉત્પાદન માટે 52 બિલિયન ડોલરની સબસિડી આપવાના બિલને મંજૂરી આપી છે ? – અમેરિકા

8. નીતિ આયોગે કઈ સંસ્થાના સહયોગથી 'ઈન્ડિયન એગ્રીકલ્ચર ટુ 2030' પુસ્તક બહાર પાડયું છે ? – FAO

9. દર વર્ષે કયા દિવસે રાજસ્થાન રાજ્ય સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવે છે ? – 30 માર્ચ

10. સરિસ્કા ટાઈગર રિઝર્વ જે તાજેતરમાં સમાચારોમાં હતું, તે કયા રાજ્યમાં આવેલું છે ? – રાજસ્થાન

(રાજસ્થાન રાજ્યના અલવર જિલ્લામાં સ્થિત સરિસ્કા ટાઈગર રિઝર્વમાં તાજેતરમાં ભિષણ આગ ફાટી નીકળી હતી.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**11.** ઈન્ફ્રાસ્ટ્રક્ચર લીઝિંગ એન્ડ ફાઈનાન્સ લિમિટેડ (IL & FS) ના ચેરમેન તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

– શ્રી સી. એસ. રાજન

**12.** ઉત્કલ દિવસ અથવા ઓડિશા દિવસની ઉજવણી કયારે કરવામાં આવે છે ? – 1 એપ્રિલ

**13.** તાજેતરમાં કઈ નિયમનકારી સંસ્થાએ ‘મંથન’ નામની આઈડિયાઓન શરૂ કરી છે ? – સેબી

**14.** તાજેતરમાં કયા દેશના રાષ્ટ્રપતિએ 'Emmett Till Antilynching Act' પર હસ્તાક્ષર કર્યા છે ? – અમેરિકા

**15.** ‘મેસ અયનક સાઈટ’ (Mes Aynak Site) અને ‘બમિયાનના બુદ્ધ’ (Buddhas of Bamiyan) જે તાજેતરમાં સમાચારોમાં હતી, તે કયા દેશમાં આવેલી છે ? – અફઘાનિસ્તાન

**16.** તાજેતરમાં કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ કર્ણાટકના તુમકુરમાં સિદ્ધગંગા મઠ ખાતે શ્રી શ્રી શ્રી શિવ કુમારસ્વામીના ..................જન્મદિવસની ઉજવણીનું ઉદ્દઘાટન કર્યુ હતું અને ગુરુવંદના સમારોહમાં ભાગ લીધો હતો.

– 115મા

GPSC 1/2, PI, PSI/CONSTABLE, S.T.I., Dy.SO, નાયબ મામલતદાર, તલાટી, બિનસચિવાલય કલાર્ક, TET, TAT વગેરે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક

ગુજરાતનો ઇતિહાસ

INSTITUTE FOR COMPETITIVE EXAMS


- ગુજરાતનો ઇતિહાસ વિષયમાં તમામ પરીક્ષાલક્ષી વિગતોને પદ્ધતિસર આવરી લેતું પુસ્તક
- પ્રાચીન, મધ્યકાલીન અને આધુનિક ગુજરાતમાં વિભાગને અંતે Most IMP Topic અલગ ચેપ્ટર સ્વરૂપે
- યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, GCERT તથા NCERTના ઈતિહાસના પુસ્તકોના વિશેષ સંદર્ભનો નિચોડ
- ઈતિહાસની તમામ ઘટનાઓને ક્રમબદ્ધ રીતે આલેખવામાં આવેલું પુસ્તક






ફ્રી બુક લેટ 1700+ MCQ નો સમાવેશ


આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને www.iceonline.in પર ઉપલબ્ધ છે.


**ICE દ્વારા GPSC તથા વર્ગ-3ની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી નવું મટીરીયલ્સ**













































**આ પુસ્તકો તમામ અગ્રગણ્ય બુક સ્ટોર તથા અમારી વેબસાઇટ iceonline.in પર ઉપલબ્ધ છે.**

અમારા વોટ્સએપ ગ્રુપમાં જોડાવા માટે નીચે આપેલી લિંક પર ક્લીક કરો.

joinicerajkot.com

CLICK HERE

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT